



## ચંદ્રાલામાં કડવા પાટીદાર સમાજનો સમુહ લગ્નોત્સવ કાર્યક્રમ યોજાયો : ૫૦ નવદંપતિએ પ્રભુતામાં પગલા માંડ્યા

ગાંધીનગરના ચંદ્રાલા સ્થિત ઉમા તીર્થ ખાતે શ્રી ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજનો ૨૪મો સમુહ લગ્નોત્સવ યોજાયો હતો. જેમાં ૫૦ નવદંપતિએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા. વસંતપંચમીએ કડવા પાટીદાર સમાજના યુગલ-યુવતીઓ માટે સમુહ લગ્નોત્સવનું આયોજન સમુહ લગ્ન સમિતિએ કરી સમાજ માટે પ્રેરણાદાયી દૃષ્ટાંત પુરૂ પાડ્યું હતું. આ સમુહ લગ્નોત્સવમાં દેશ-વિદેશના સમાજના મહાનુભાવો સમાજના અગ્રણી દાતાઓ દ્વારા ઉદાર મને ભેટ સોગાદો આપી હતી. સમુહલગ્નમાં નવદંપતિને આશીર્વાદ આપવા સી.કે. પટેલ, શંકરભાઈ પટેલ, સાંસદ દિપસિંહ રાઠોડ, ધારાસભ્ય અશોક પટેલ, શંભુજી ઠાકોર સહિત અનેક આમંત્રિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને આશીર્વાદ આપ્યા હતા. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

**ઈસકી ટોપી ઉસકે સર**

# કુડાસણની કરોડોની જમીન બતાવીને ૨૭ લાખનો ચુનો

## જમીન ભળતા નામવાળી વ્યકિતની હતી, ને સે-૨૫ના શખ્સે પોતાની કહી બાનાખત કરી નાંખ્યો હતો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં જમીનના ભાવો આસમાને પહોંચતા કરોડોની જમીનમાં છેતરપીંડીના કિસ્સાઓ ખુબ વધ્યા છે. આજે સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલા ગુનાની વિગત રસપ્રદ છે. સે-૨૫નાં એક શખ્સે તેના ભળતા નામની વ્યકિતની કુડાસણ ખાતે સ્થિત જમીન પોતાની હોવાનું કહીને કોલવડાના યુવાનની સાથે બારોબાર સોદો ગોઠવી દીધો. કિમતી જમીનનો બાનાખત કરાર ખોટી રીતે કરી આપી રૂ. ૨૭ લાખની છેતરપીંડી આચરી લીધી હોવાની પોલીસ ફરીયાદ નોંધાવા પામી છે. સેકટર-૭ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ કોલવડા ગામમાં રહેતા જીતેન્દ્રસિંહ ઈશ્વરસિંહ વાઘેલાએ એસ.આઈ.ટી. માં તેની સાથે થયેલી છેતરપીંડી અંગે અરજી કરી હતી જે સંદર્ભે આજે સે-૭ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. સે-૨૫ સુર્યનારાયણ સોસાયટી પ્લોટ નં. ૧૫૧/એ/૧ ખાતે રહેતા રણછોડ અંબાલાલ પટેલે કુડાસણ ગામની સીમમાં સ્થિત બ્લોક નં. ૧૫૪ની ૪૫૧૯ ચો.મી. જમીન પોતાની તથા પોતાના સહ હિસ્સેદારોની ન હોવા છતાં પોતાની માલિકીની હોવાનું જણાવી જીતેન્દ્રસિંહ સાથે આ જમીનનો સોદો કરી નાંખ્યો હતો. ફકત પોતાના મળતા નામની વ્યકિતનો ગેરલાભ ઉઠાવીને પોતે કરોડોની જમીનનો માલિક અને હિસ્સેદાર છે તેમ જણાવી રણછોડ પટેલે આ કિંમતી જમીનનો બાનાખત કરાર ખોટી રીતે કરી આપી રૂ. ૨૭ લાખની છેતરપીંડી કરી નાંખી છે. ઈસકી ટોપી ઉસકે સર કરી દેનાર રણછોડ પટેલ સામે ગુનાના કાવતરા ઉપરાંત વિશ્વાસઘાત તથા છેતરપીંડીનો ગુનો નોંધી સે-૭ સેકન્ડ પી.આઈ. મીની જોસેફે ઉંડી તપાસ શરુ કરી છે.

# નગરમાં નવા રૂપરંગથી નિખરતાં સર્કલોની ફરતે રેલીંગ કરવા માંગ

## ખ-૬નું કરૂણા સર્કલ, ગ-૬નું સંસ્કાર સર્કલ તથા અન્ય કેટલાક સર્કલો હાલ રેલીંગ વગરના

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટ અન્વયે નગરની ઓળખ ગણાતા સર્કલોને નવા સાજ સજાવટથી સજ્જ કરાયા હતા અને આ કારણથી સર્કલો આકર્ષક લાગી રહ્યા છે. જેમાં દત્તક લેવાયેલા સર્કલ રેલીંગ તથા અન્ય સુરક્ષા વ્યવસ્થાના કારણે તેની જાળવણી થઈ રહી છે. પરંતુ નગરના કેટલાક સર્કલોની ફરતે રેલીંગ કરી ન હોવાથી રખડતા પશુઓ સર્કલની રોનક બગાડી રહ્યા છે.જેથી નગરજનોએ રેલીંગ વગરના સર્કલો ફરતે સુરક્ષા સંદર્ભે રેલીંગ નાંખવા માંગ કરી છે.

વાઈબ્રન્ટ સમિટના સમાપન પછી પણ નગરના દત્તક લેવાયેલા સર્કલો પોતાના આકર્ષક મિજાજને અકબંધ રાખી શકયા છે.જે કારણે નગરમાં રોનક જળવાઈ રહી છે. પરંતુ દત્તક ન લેવાયેલા ખ-૬ના કરૂણા સર્કલ, ગ-૬ના સંસ્કાર સર્કલ સહિત અન્ય કેટલાક સર્કલો જાળવણીના અભાવે ઉભો કરાયેલ આકર્ષક દેખાવ ગુમાવી રહ્યા છે. જેમાં આ સર્કલો ફરતે રેલીંગ ન હોવાનું મૂળભૂત કારણ ઉપસી આવ્યુ છે. રેલીંગ ન હોવાથી રખડતા પશુઓ જેવા કે ગાય, કુતરા, આખલાં વગેરે આ સર્કલ ઉપર સહેલાઈથી ચડી જઈને નવા રોપાયેલા છોડ અને વૃક્ષોને ઘમરોળી નાખે છે. અને તંત્ર દ્વારા મુકાયેલી પ્રતિમા કે અન્ય સ્મૃતિઓને નુકસાન પહોંચાડી રહ્યા છે જેથી સર્કલોની અવદશા ઉભી થઈ રહી છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

જેથી નગરજનો આ દશ્યો જોઈ નારાજગી વ્યકત કરી રહ્યા છે. આ અંગે જાગૃત નાગરિક એવા નટુભાઈ કે. પટેલે જણાવ્યું હતું કે અનેક માંગણીઓ છતાં સર્કલો પ્રત્યે તંત્રની ઉદાસીનતા રહી હતી જે વાઈબ્રન્ટ ટાણે દુર થઈને સર્કલોને આકર્ષક બનાવાયા છે. પરંતુ તેની જાળવણી તે ફકત તેની ફરતે રેલીંગ કરવાથી જ શકય બની શકે છે જેથી સત્વરે તંત્ર રેલીંગ નાંખી સર્કલોની સુરક્ષા હાથ ધરે તે ઈચ્છનીય બન્યું છે.

નગરના દત્તક લેવાયલા સર્કલોમાં તો મજબૂત જાળી, દરવાજો અને નિયમિત માવજત થઈ રહી છે જેથી નગરમાં તેની સુંદરતા વધી રહી છે. પરંતુ તંત્ર હસ્તક એવા સર્કલોને પણ રેલીંગ નાંખી જાળવણી કરવી જોઈએ. વધુમાં કરૂણા સર્કલ વચ્ચે મુકેલી ભગવાન બુધ્ધની પ્રતિમા પણ કોઈ પણ જાતના આવરણ વગર મુકાયેલી છે જેથી ભવિષ્યમાં તેને નુકસાન થતાં ધાર્મિક લાગણીઓને પણ ઠેસ પહોંચી શકે છે જેવી બાબતોથી વાકેફ નગરજનો સર્કલો પ્રત્યે રેલીંગની માંગ વધુ બુલંદ કરી રહ્યા છે.



## સોજા હાઈસ્કૂલમાં પ્રજાસત્તાક પર્વ ઉજવાશે

ગાંધીનગર નજીકના સોજા ગામે સ્થિત એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલના ઉપક્રમે ૨૬મીએ ૬૬માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવશે. આ ધ્વજવંદન કાર્યક્રમમાં ધ્વજવંદન, તેજસ્વી તારલાઓનો ઈનામ વિતરણ સમારોહ, શાળા ક્રીંડાગણનું નામાભિધાન, નવીન જલધારાનું નામકરણ, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોતેમજ દેશદાઝ પ્રેરતા રંગારંગ સમારંભ યોજાશે. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને નારાયણભાઈ પટેલ, અતિથિ વિશેષ પદે સી.કે. પટેલ, મહેન્દ્રસિંહ વાઘેલા, જયન્દ્રસિંહ વાઘેલા, સતીષભાઈ પટેલ, કાન્તીભાઈ પટેલ, સંજયભાઈ પટેલ, ભરતકુમાર પટેલ, તરૂલતાબેન પંડ્યા, જયંતિભાઈ પટેલ, ગીતાબેન પંડ્યા, વિઠ્ઠલભાઈ પટેલ, અશોક પટેલ, પ્રજેશ પ્રજાપતિ, રાજેશ પટેલ વગેરે ખાસ ઉપસ્થિત રહેશે.

# વસંત પંચમી : ગુજરાતમાં ૨૫ હજારથી વધારે લગ્ન

ગાંધીનગર, તા. ૨૪

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે લગ્ન અને સરસ્વતી પૂજા માટે ખુબ જ શુભ ગણાતા વસંત પંચમીએ આજે અમદાવાદ સહિત ગુજરાતભરમાં ઉજવણી કરવામાં આવી હતી. આજના દિવસે એકલા અમદાવાદ શહેરમાં ૫૦૦૦થી પણ વધારે લગ્ન થયા હતા જ્યારે રાજ્યમાં ૨૫૦૦૦થી પણ વધારે લગ્ન આજના દિવસે થયા હતા. વસંત પંચમીને લગ્ન અને સરસ્વતી પૂજા માટે ખુબ જ શુભ ગણવામાં આવે છે. આજના દિવસે લગ્નને લઈને મોટાભાગના પરિવારોએ શુભ પ્રસંગ અને મુર્હૂત બનાવ્યા હતા જેને લઈને પહેલાથી જ આયોજન કરવામાં આવ્યા હતા. વસંત પંચમીની પરંપરાગત ઉજવણી કરાઈ હતી. વસંત પંચમીના પરિણામ સ્વરુપે વધુ લગ્ન હોવાથી શાકભાજીના છુટક ભાવ પણ વેપારીઓએ પરિસ્થિતિનો લાભ ઉઠાવીને વધારી દીધા છે. જમાલપુર માર્કેટમાં સપ્લાય અને ક્વોલિટી માટે ભાવ નિશ્ચિત હોય છે. રિટેલરોએ પરિસ્થિતિનો લાભ લઈને ભાવ વધારી દીધા હતા. લગ્નની સિઝનને લઈને જોરદાર તૈયારીઓ શહેરમાં જોવા મળી હતી. બીજી બાજુ સરસ્વતી પૂજાની વિધિ પણ સ્કૂલોમાં આજે યોજાઈ હતી. વસંત પંચમીના દિવસે દર વર્ષે મોટી સંખ્યામાં લગ્ન થાય છે. આ દિવસે મોટાભાગના પરિવારો લગ્ન કરવાને લઈને ઉત્સુક રહે છે. પરંપરાગત માન્યતા મુજબ વસંત પંચમી ખુબ જ શુભ દિવસ તરીકે છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આજે વસંત પંચમીના દિવસે ઘણા શુભ મુર્હુત હોવાના લીધે મોટાભાગના પરિવારો લગ્ન પ્રસંગોમાં વ્યસ્ત રહ્યા હતા. આગામી દિવસોમાં પણ લગ્ન પ્રસંગનો ગાળો છે જેથી જોરદાર તેજી બજારમાં રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

# ધારાસભ્ય અશોક પટેલે પોતાના મત વિસ્તારની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય અશોકકુમાર પટેલે તેમના ગાંધીનગર તાલુકાના મતવિસ્તાર ૧૨ જેટલા ગામોની મુલાકાત લીધી હતી. જેમાં ગામના સરપંચ ભારતીય જનતા પાર્ટીના આગેવાનો, કાર્યકરોએ મુલાકાત લીધી ત્યારે ૧૨ ગામના સ્થાનિક લોકોમાં આનંદની લાગણી જોવા મળી હતી. દરેક ગામના સ્થાનિક અગત્યના પ્રાથમિક પ્રશ્નો જેવા કે ગટરલાઈન, પીવાના પાણીની સમસ્યા, શૌચાલય, સ્વભંડોળમાંથી કરવાના થતા કામો, જીઈબીના કામોના પડતર પ્રશ્નો સાથે જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી તેમજ વિદ્યુત ઓફીસમાં જઈ પ્રશ્નોની અસરકારક રજુઆત કરી છે. ઉત્તર ગાંધીનગર વિધાનસભામાં આવતા ૧૨ જેટલા ગામો જેવા કે પીંપળજ, પીંડારડા, વાસણીયા મહાદેવ, ઉનાવા, રાંધેજા, રૂપાલ, સરઢવ, સોનીપુર, કોલવડા, આદરજ મોટી, જલુંદ અને વાવોલ વગેરે ગામોમાં સ્વચ્છતા જળવાય અને ઘર ઘર શૌચાલય બને તેમાટે સરપંચોસાથેઅનેગામના આગેવાનોસાથેકામગીરી કરવાઅનુરોધ કર્યો હતો. ઉપરોકત ગામોમાં ધારાસભ્યની ગ્રાન્ટમાંથીપણજાહેર શૌચાલય બનેતેવુંસુચન પણ કરવામાંઆવ્યુંહતું.

# કડી કેમ્પસમાં ૬૬માં પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સ્થિત કડી સર્વ વિદ્યાલય સંકુલની તમામ સંસ્થાઓના ઉપક્રમે ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી સમારોહ યોજાશે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા ૨૬મી જાન્યુઆરીએ તમામ સંસ્થાઓના ઉપક્રમે ૬૬માંપ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવશે. મંડળ દ્વારા વિદ્યાર્થીઓ અખંડ ભારતના નાગરીક તરીકે પોતાની જાતને ઘડી શકે તેમનામાં સર્જનાત્મક કૌશલ્યો, વલણો અને મુલ્યોનો વિકાસ થાય, રાષ્ટ્ર પ્રત્યે વફાદારી સમાજ સેવા અને ફરજોમાં સભાનતા આવે તેમજ દેશની ઉજ્જવળ સંસ્કૃતિના ગૌરવની અનુભૂતિ થાય તે માટે સંસ્થા દ્વારા પ્રજાસત્તાક પર્વે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં ધ્વજવંદન વિષ્ણુભાઈ પટેલ અને પ્રેરક ઉદ્‌બોધન ડૉ. કનુભાઈ ડી. પટેલ કરશે. આ સમગ્ર કાર્યક્રમ સર્વ વિદ્યાલય કેમ્પસ સેક્ટર-૨૩ ખાતે સવારે ૮.૩૦ કલાકે શરૂ થશે.

# રાજયપાલશ્રીના પ્રવચન તૈયાર કરવામાં વિભાગો મંત્રાલયો વ્યસ્ત બન્યા

ગાંધીનગર, તા.૨૪

રાજયપાલશ્રીનું પ્રવચન તૈયાર કરવા માટે તમામ વિભાગો અને મંત્રાલયો કામગીરીમાં વ્યસ્ત બન્યા છે. અને પ્રવચનને આખરી કરવા માટેની કવાયત તેજ બનાવી દેવામાં આવી છે.

ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સત્ર આગામી ૨૩મી ફેબ્રુઆરીથી શરુ થનાર છે. સત્રના પ્રથમ દિને ગુજરાતના રાજયપાલશ્રી ગૃહને સંબોધન કરનાર છે. રાજયપાલશ્રીનું પ્રવચન રાજય સરકારના તમામ વિભાગો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દરેક વિભાગો દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ રાજય સરકાર દ્વારા કરવામાં આવેલી વિકાસ લક્ષી કામગીરી મેળવવામાં આવેલી સિધ્ધિઓને પ્રવચનમાં વર્ણવામાં આવે છે. દરેક વિભાગ દ્વારા એક ડ્રાફટ તૈયાર કરવામાં આવે છે અને મંત્રાલય સમક્ષ રજુ કરીને તેને આખરી કર્યા બાદ સામાન્ય વહીવટ વિભાગને મોકલી આપવામાં આવે છે.

આમ રાજયપાલશ્રીના પ્રવચનને આખરી કરવાની કામગીરીમાં તમામ વિભાગો વ્યસ્ત બન્યા છે તો બીજી બાજુ તા. ૨૪મી ફેબ્રુઆરીએ રાજયના નાણા મંત્રી સૌરભભાઈ પટેલ વર્ષ ૨૦૧૫-૧૬નું અંદાજપત્ર રજુ કરનાર હોઈ નાણા વિભાગ પણ નાણામંત્રીના અંદાજપત્ર પ્રવચનને તૈયાર કરવા માટે વ્યસ્ત બન્યું છે. અંદાજપત્ર પ્રવચન ઉપરાંત અંદાજપત્ર પણ તૈયાર કરવાની કામગીરી નાણા વિભાગે કરવાની હોઈ રજાના દિવસોમાં પણ નાણા વિભાગ ધમધમી રહ્યું છે.

આ વખતે રાજયના નાણામંત્રી ના અંદાજપત્રમાં મહીલાઓના વિકાસ અને સશકિતકરણ માટે કેટલીક નવી યોજનાઓનો સમાવેશ કરવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે. આ ઉપરાંત તાજેતરમાં જ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બેટી બચાવો બેટી પઢાઓ અભિયાન શરુ કર્યું હોઈ ગુજરાત સરકાર આ વખતના અંદાજપત્રમાં દિકરીઓ માટે પણ કેટલીક નવી યોજનાઓ શિક્ષણ વિભાગ દાખલ કરે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૨

સૂર્યાસ્ત : ૬.૨૦

## તાપમાન

મહત્તમ : ૨૫.૨ ડિ.સે.

લઘુત્તમ : ૧૩.૪ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૨ ટકા ● સાંજે ૪૮ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

બેબી : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :

ડૉલી કી ડોલી : ૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૩૦, ૫.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :

આઈ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

તેવર : ૧.૩૦, ૭.૩૦

### સિનેમેક્સ,

: સ્ક્રીન-૧ :

બેબી : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦

: સ્ક્રીન-૨ :

બેબી : ૧૧.૦૦, ૨.૨૦, ૫.૪૦, ૯.૦૦

સ્ક્રીન-૩ :

ડૉલી કી ડોલી : ૧૦.૧૦

આઈ (હિન્દી) : ૧૨.૨૫

એલોન : ૪.૧૦

આ તે કેવી દુનિયા : ૬.૫૫

બેબી : ૯.૩૦

સ્ક્રીન-૪ :

ડૉલી કી ડોલી : ૧૦.૦૦, ૧.૨૦, ૩.૩૫, ૫.૫૦, ૮.૦૫, ૧૦.૨૦

### સિટીપલ્સ

: સ્ક્રીન-૧ :

બેબી : ૩.૩૦, ૧૦.૦૦

ડૉલી કી ડોલી : ૭.૦૦

સ્ક્રીન-૨ :

બેબી : ૧૨.૩૦, ૬.૪૫

ડૉલી કી ડોલી : ૩.૪૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

ડૉલી કી ડોલી : ૧૧.૦૦, ૫.૦૦

બેબી : ૨.૦૦, ૮.૦૦

સ્ક્રીન-૪ :

ડૉલી કી ડોલી : ૧૦.૦૦

આઈ (હિન્દી) : ૧૨.૧૫

પી.કે. : ૪.૦૦

પતાસ (તેલુગુ) : ૭.૦૦

એલોન : ૧૦.૦૦

સ્ક્રીન-૫ :

બેબી : ૧૦.૦૦

ડૉલી કી ડોલી : ૧૨.૪૫

એલોન : ૩.૪૫

શરાફત ગઈ તેલ લેને : ૧૨.૩૦

આઈ : ૬.૩૦

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. કાન્તીભાઈ હસાભાઈ પરમાર (ઉ.વ.૮૦) મુ. રૂપાલ, વણકર વાસ, તા.જી. ગાંધીનગર
- સ્વ. પોગડભાઈ હરીભાઈ ભરવાડ (ઉ.વ.૭૩) સે-૪સીની સામે, ખ-રોડ, બોપ પર, ગાંધીનગર
- સ્વ. કાન્તાબેન ચીમનલાલ પટેલ (ઉ.વ.૭૮) સેક્ટર-૨૭, સ્વસ્તિક સોસાયટી, ગાંધીનગર